નવરાત્રિનું કાઉન્ટ ડાઉન : બજારોમાં ખરીદીનો માહોલ

શેરીઓ - સોસાયટી તથા પાર્ટી પ્લોટમાં આ વખતે ગરબાની રમઝટ જામશે : ગરબા ગ્રાઉન્ડમાં રંગબેરંગી લાઈટો અને વિવિધ થીમ સાથે સુંદર સજાવટ કરવામાં આવી છે.



બે વર્ષ બાદ પાટનગરમાં માં આદ્ય શક્તિના મહા પર્વ નવરાત્રિની ખૂબ ઉત્સાહ પૂર્વક ઉજવણી થવા જઈ રહી છે હવે માત્ર બે જ દિવસ બાકી છે ત્યારે ગાંધીનગર માં ગરબા માટે નાં તૈયાર નાં તોરણો લાગી ગયા છે.આ વખતે સેકટરો અને સોસાયટીઓમાં તો ગરબા થશે જ સાથે સાથે પાર્ટી પ્લોટમાં પણ ગરબાની રમઝટ જોવા મળશે.જેની તૈયારીઓમાં આખરી ઓપ અપાઈ રહ્યો છે.રંગબેરંગી મંડપ ને સાથે ઝગમગાટ કરતી રોશની આપતી રંગીન લાઇટ વાળી સિરીઝ લગાવાઈ છે.વિવિધ થીમ સાથે ગરબા ગ્રાઉન્ડ માં સજાવટ થઈ ગઈ છે.આ વખતે જ્યાં સાદા સાદા નાના ગરબા થતા હતા ત્યાં પણ જોરદાર જમાવટ થાય તેવી તૈયારીઓ કરવામાં આવી છે.ગરબા માટે ખેલૈયાઓ ૨ વર્ષ થી વાટ જોઈ રહ્યા હતા જેનો હવે અંત આવ્યો છે ત્યારે ખેલૈયાઓ આ બે દિવસ માં ભરપુર ખરીદી કરવાના મૂડ માં છે.

શહેર માં નવરાત્રી ની તડામાર તૈયારીઓ ચાલી રહી છે જેમાં શનિવારે અને રવિવારે બજારોમાં ખરીદી નો માહોલ જામશે. નવરાત્રિ માં આરતીની વિવિધ સામગ્રીથી લઈ પહેરવેશ માટે ની ખરીદી માટે બજારો માં ભીડ નો માહોલ જામશે. બજારોમાં દિવડાઓ ની ભરમાર છે વેપારીઓ એ દીવડાઓ નો સ્ટોક મોટા પાયે કરી મૂક્યો છે જેમાં વિવિધ પ્રકાર ના દીવડાઓ જોવા મળી રહ્યા છે. પૂજા - સામગ્રી ની લારીઓ અને દુકાનો પર પણ ભીડ જામી છે.આ ધાર્મિક પર્વ માં પૂજા નું અનેરું મહત્ત્વ રહેલું છે તેથી પુજપાની ખરીદી માં પણ ભીડ છે.માતાજી ની નવે નવ દિવસ ભક્તો દ્વારા આરાધના કરવામાં આવશે. શહેર માં જ્યાં જ્યાં શેરી ગરબા થઈ રહ્યા છે સોસાયટી નાં ગરબા થાય છે ત્યાં પૈસા ની ઉઘરાણી થઈ ગઈ છે સાથે ગરમ ગરમ નાસ્તા નાં બુકિંગ કરાવવામાં આવ્યા છે તેથી ફરસાણ ની દુકાનો માં પણ તેજી જોવા મળી રહી છે.એક સાથે કેટલા વેપારીઓ આ મહા પર્વ માં જોડાઈ ગયા છે.શહેર માં નવરાત્રી પર્વ ની રંગત જામી જવાની છે આ વખતે તેવા દ્રશ્યો જોવા મળી રહ્યાં છે.

ગરબા માટે ક્યાંથી પહેરવેશ લેવાના છે અને કયા રમવા જવાનું છે તેની ચર્ચાઓ પૂર્ણ થઈ ગઈ છે અને પાસ ની ખરીદી નો સમય ચાલી રહ્યો છે.ગરબા આયોજકો પાસેથી પાસ ની ખરીદી માટે ભીડ જામી રહી છે.આમ, ચારેય કોર નવરાત્રિ પર્વ ની બોલબાલા જોવા મળી રહી છે.

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન ખાતે કાવ્યનું સ્વરૂપ અને કાવ્યપઠન વિશે શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૨૩

ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩ ગાંધીનગર અને મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને કાવ્યરચના અને કાવ્યપઠનની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે તેમજ વિદ્યાર્થીઓ કાવ્યરચનાનું લેખનકાર્ય કરે તે હેતુથી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન કવિ કિશોર જીકાદરાએ કવિતા એટલે શું ? કાવ્યના વિવિધ પ્રકારો, કાવ્યમાં ધ્વનિનું મહત્વ વિગેરે વિશેની ઝીણવટપૂર્વક રજૂઆત કરી વિવિધ કવિતાનું તેમજ પોતાની સ્વરચનાઓનું પઠન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેમ્પસની વિવિધ કોલેજોના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે નરેન્દ્રભાઈ નાયીએ સંસ્થા પરિવાર વતી ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થીની જીનલ દેસાઈએ કર્યુ હતુ.

ડીએચએલ એક્સપ્રેસે વાર્ષિક પ્રાઈસ એડજસ્ટમેન્ટની જાહેરાત કરી

ભારતમાં વર્ષ ૨૦૨૩ માટે વાર્ષિક ૭.૯ ટકાનો વધારો, તા.૧લી જાન્યુઆરી ૨૦૨૩થી અસરમાં આવશે

ગાંધીનગર, તા.૨૩

વિશ્વની અગ્રણી આંતરરાષ્ટ્રીય એક્સપ્રેસ સર્વિસ પ્રદાતા ડીએચએલ એક્સપ્રેસએ આજે તેના પ્રાઈસ એડજસ્ટમેન્ટસની જાહેરાત કરી હતી જે આગામી તા.૧લી જાન્યુઆરી ૨૦૨૩થી અમલમાં આવશે. ભારતમાં ૨૦૨૨ની તુલનામાં સરેરાશ વધારો ૭.૯ ટકા રહેશે. "અત્યાર સુધી, ૨૦૨૨નું વર્ષ વૈશ્વિક વેપારને પડકારતુ અસ્થિર બજાર વાતાવરણ સાથે કટોકટીપૂર્ણ રહ્યુ હતુ. આમ છતાં, અમે વૈશ્વિક સ્તરે ગ્રાહકોને સ્થિર અને વિશ્વસનીય સેવાઓ ઓફર કરવાની અમારી ક્ષમતા સાબિત કરી છે," એમ ડીએચએલ એક્સપ્રેસના સાઉથ એશિયાના એસવીપી આર. સુબ્રમણ્યમએ જણાવ્યું હતુ.

"વાર્ષિક પ્રાઈસ એડજસ્ટમેન્ટ સાથે, અમે સ્થિતિસ્થાપક, ટકાઉ અને વૈશ્વિક કક્ષાના ગ્રાહક ઉકેલોની ખાતરી માટે અમારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેકનોલોજીમાં રોકાણ કરવા સક્ષમ છીએ. તેમાં ગ્રાહકોની વધી રહેલી માગને પહોંચી વળવા અદ્યતન એરક્રાફ્ટ અને વ્હિકલ્સ, અમારા હબ્સને અને ગેટવેને વિસ્તૃત બનાવવાનો અને ગ્રીન તેમજ વધુ ટકાઉ ઉકેલો જેમ કે સસ્ટેનેબલ એવિયેશન ફ્યુઅલ અને ઈલેક્ટ્રિક વ્હિકલ્સમાં રોકાણ કરવાનો સમાવેશ થાય છે." તેવું પણ તેમણે જણાવ્યું હતું. ડીએચએલ એક્સપ્રેસ દ્વારા ફૂગાવો અને ચલણ પરિમાણો તેમજ રેગ્યુલેટરી અને સિક્યુરિટી પગલાંઓ સંબંધિત વહીવટીય ખર્ચને ધ્યાનમાં લેતા વાર્ષિક ધોરણે કિંમત એડજસ્ટ કરવામાં આવી છે. આ પગલાંઓમાં રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય ઓથોરિટી દ્વારા ડીએચએલ એક્સપ્રેસ સેવા પૂરી પાડે છે તેવા પ્રત્યેક ૨૨૦ દેશોમાં નિયમિત ધોરણે સુધારો કરવામાં આવે છે. સ્થાનિક સ્થિતિ પર નિર્ભર રહેતા કિંમત એડજસ્ટમેન્ટ્સ વિવિધ દેશમાં અલગ અલગ રહેશે અને તે જ્યાં કોન્ટ્રેક્ટસ મંજૂરી આપશે ત્યાં દરેક ગ્રાહકોને લાગુ પડશે.

"ભાજપના નેતાઓએ લેકાવાડા ગામમાં પ્રવેશવું નહીં" તેવા બેનરો લાગ્યાં

જીટીયુના નિર્માણની જાહેરાત સાથે લેકાવાડા ગામમાં યુથ ગ્રાઉન્ડની ગ્રામજનોની માંગણી લાંબા સમયથી સંતોષાઇ ના હોવાથી ગ્રામજનોમાં રોષ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના લેકાવાડા ગામના સીમાડે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીના નવા કેમ્પસના નિર્માણની તાજેતરમાં સરકારે જાહેરાત કરવામાં આવી છે. જોકે લેકાવાડા ગામમાં યુથ ગ્રાઉન્ડની ગ્રામજનોની માંગણી લાંબા સમયથી સંતોષાઇ ના હોવાથી ગામમાં પ્રવેશવાના તમામ રસ્તા પર સત્તાધિન ભારતીય જનતા પાર્ટીના નેતાઓને ગામમાં પ્રવેશવું નહીં તેવી સૂચનાવાળા બેનરો લગાડી દેવાયાં છે. કેટલાંક બેનરમાં તો આજુબાજુના ૧૦ ગામો દ્વારા ચુંટણીના બહિષ્કારની પણ ચિમકી લખવામાં આવી છે.

ગાંધીનગર પાસેના લેકાવાડા ગામે ગામતળની જમીન છેલ્લાં ઘણાં સમયથી એનએસજી કમાન્ડો ફોર્સને આપવા અંગે ગ્રામજનોમાં રોષની લાગણી છે. ગામતળની જમીનમાં યુવાઓ-બાળકો માટે બનાવાયેલ રમતનું મેદાન પણ હવે છીનવાઇ જશે તેવી શક્યતાને આધારે ગ્રામજનોએ મામલતદારને આવેદન પત્ર આપી રજુઆત કરી હતી. ગ્રામજનોની યુથ ગ્રાઉન્ડ માટેની માંગણી લાંબા સમયથી કરાઇ રહી હોવા છતાં તે અંગે સરકારના પેટનું પાણી હલતું નથી તેવું ગ્રામજનોનું કહેવું છે. આ સ્થિતિમાં જયારે અહીં જીટીયુના નવા કેમ્પસનું નિર્માણ કરાશે જેનું કેન્દ્રીય ગૃહમંત્રીના હસ્તે ઉદ્ઘાટન પણ યોજાશે તેવી જાહેરાત સાથે જ લેકાવાડા ગામમાં રોષ ફાટી નીકળ્યો છે અને ગ્રામજનોએ ગામમાં પ્રવેશવાના તમામ રસ્તા પર ભાજપના નેતાઓને ગામમાં પ્રવેશવું નહીં તેવી સૂચનાવાળા બેનરો લગાડી દેવાયાં છે.

આ બેનરો પર સ્પષ્ટ રીતે લખ્યું છે કે "લેકાવાડા યુથ ગ્રાઉન્ડનો મુદ્દો હલ ના થાય ત્યાં સુધી ભાજપના નેતાઓએ લેકાવાડા ગામમાં પ્રવેશવું નહીં." આ ઉપરાંત કેટલાંક બેનરમાં તો આજુબાજુના ૧૦ ગામો દ્વારા ચુંટણીના બહિષ્કારની પણ ચિમકી લખવામાં આવી છે.

આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીને જ્ઞાનમહોદધિની પદવી

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ-વિશ્વશાંતિ મહોત્સવ : મહોત્સવમાં મઠાધીશો, મહંતો, વિદ્વાનો, ધર્માચાર્યો પધાર્યા

અમદાવાદ, તા.૨૩

શ્રી સ્વામિનારાયણ ગાદી સુવર્ણ મહોત્સવ - વિશ્વશાંતિ મહોત્સવ આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજની અધ્યક્ષતામાં ઉજવાઈ રહ્યો છે ત્યારે મહોત્સવમાં સંત-વિદ્વત સંમેલન યોજાયું હતું. જેમાં મઠાધીશો, મહંતો, વિદ્વાનો, ધર્માચાર્યો પધાર્યા હતા. અખિલ ભારત સંત સમિતિના અધ્યક્ષ પરમ પૂજ્ય અવિચલદાસજી મહારાજે કે જેમાં ભારતના ૧૨૭ સંપ્રદાયો જોડાયેલ છે, એવા બધાની સંમતિથી સ્વામિનારાયણ ગાદીના પ્રવર્તમાન આચાર્ય જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીજી મહારાજને સંત સંમેલન - ઉપસ્થિત ધર્માચાર્યો - વિદ્વાનોની ઉપસ્થિતિમાં જ્ઞાનમહોદધિની પદવીથી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભારત સંત સમિતિના અધ્યક્ષ પરમ પૂજ્ય અવિચલદાસજી સ્વામીજી મહારાજે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, સ્વામિનારાયણ ગાદી સંસ્થાન એ ૨૨૦ વર્ષનાં ઇતિહાસોમાં ખૂબ જ પ્રગતિ કરી છે. મહોત્સવમાં સંત સંમેલનમાં પધારેલા જગન્નાથ મંદિર, ગૌ સંત સેવી મહામંડલેશ્વર જગદીશ પીઠાધીશ્વર મહંત દિલીપદાસજી મહારાજ, હરિદ્વારથી યોગાચાર્ય સ્વામી ડો.અખિલેશજી મહારાજ, દિલ્હી યુનાઈટેડ નેશન શાંતિદૂત સ્વામી વિશ્વઆનંદ, માઈ મંદિર બાલેન્દુ ભગવતી કેશવ ભવાની મહારાજ, વારાણસીથી કાશી ગૂર્જર વિદ્વતપરિષદ તથા ગુજરાત સમાજ અધ્યક્ષ શાસ્ત્રી અનિલભાઈ વગેરે મહંતશ્રીઓ પધાર્યા હતા. મહોત્સવમાં ઈક્મટેક્ષ કમિશ્નર એકઝામિશન રીતેશ પરમાર આઈઆરએસ પણ આવ્યા હતા.

હવે રાજ્યના મેડિકલ સ્ટોર્સ પરથી મતદાનનો પ્રચાર થશે

અમદાવાદ, તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને રાજ્યમાં તમામ રાજકીય પક્ષો દ્વારા તડામાર તૈયારી ચાલી રહી છે. સામે પક્ષે ચૂંટણી પંચે પણ ગુજરાતની ૨૦૨૨ ચૂંટણીની તૈયારીઓ આરંભી છે. જોકે વિધાનસભાની ચૂંટણીના પ્રચાર-પ્રસાર માટે આ વખતે ઈસીએ એક નવો જ રસ્તો અપનાવ્યો છે ગુજરાત વિધાનસભાની ચૂંટણી નજીક આવતાની સાથે જ મતદાન જાગૃતિ વધારવા માટે રાજ્યમાં અલગ અલગ સંસ્થા, એસોસિએશન અને એનજીઓ સાથે મળીને ચૂંટણી પંચ વધુ મતદાન માટે લોકોને પ્રેરિત કરવાના રસ્તાઓ ચકાસી રહી છે. આ જ સંદર્ભે ઈલેક્શન કમિશને એક એમઓયુ સાઈન કર્યા છે. રાજ્યના દરેક મતદાર સુધી પહોંચવા દવા બજારના એસોસિયેશન સાથે કરાર કરવામાં આવ્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત ચૂંટણી પંચ અને ગુજરાત કેમિસ્ટ એસોસિયેશન વચ્ચે એમઓયુ સાઈન થયા છે. આ નવીનતમ યોજનાના ભાગરૂપે રાજ્યની તમામ મેડિકલ સ્ટોરથી મતદાનનો પ્રચાર કરવામાં આવશે.

મહેસુલ વિભાગના ૪૨ ડેપ્યુટી કલેક્ટરોની બદલી

ગાંધીનગરના ડે. મ્યુ. કમિશનર કેયુર જેઠવાની પણ બનાસકાંઠા ખાતે નાયબ જિલ્લા ચુંટણી અધિકારી તરીકે બદલી : ૨૬ મામલતદારોને ડેપ્યુટી કલેક્ટર તરીકે બઢતી

ગાંધીનગર, તા. ૨૩

રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાંથી અત્યારે અધિકારીઓની બઢતી-બદલી કરવામાં આવી રહી છે તેમાં હવે મહેસુલ ખાતામાં પણ બઢતી-બદલીનો દોર શરૂ કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના મહેસુલ ખાતા દ્વારા સરકાર દ્વારા ધરખમ ફેરફાર કરવામાં આવ્યા છે. આજે રાજ્યના મહેસૂલ ખાતા દ્વારા ૪૨ ડેપ્યુટી કલેક્ટરનાની બદલી અને ૨૬ મામલતદારોના ડેપ્યુટી કલેક્ટર તરીકે બઢતીના આદેશ આપવામાં આવ્યા છે જેમાં ગાંધીનગરના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કેયુર જેઠવાની પણ બનાસકાંઠા ખાતે નાયબ જિલ્લા ચુંટણી અધિકારી તરીકે બદલી કરાઇ છે. રાજ્યના મહેસૂલ ખાતા દ્વારા ૪૨ ડેપ્યુટી કલેક્ટરોની બદલી અને ૨૬ મામલતદારોના ડેપ્યુટી કલેક્ટર તરીકે બઢતીના આદેશ આપવામાં આવ્યા છે. જેમાં વીસી. બોડાના, નેહા પંચાલ, યુએ.એસ. શુક્લા, મયુર પરમાર, સંજય ચૌધરી, કલ્પેશ ઉનડકટ અને જે.બી. બારૈયા સહિતના ડેપ્યુટી કલેક્ટરની બદલીના આદેશ અપાયા છે.

સ્વિમરમાં ગુજરાતને મળશે એક ડઝનથી પણ વધારે મેડલ

ટેબલ ટેનિસ એક્શન સાથે મંગળવારે સુરતમાં શરૂ થયેલી ૩૬મી નેશનલ ગેમ્સમાં એક ડઝનથી વધુ મેડલનું લક્ષ્ય નક્કી કર્યું છે

સુરત ,તા.૨૩

ગુજરાત ટીમના કોચ અને સ્વિમિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના વાઈસ પ્રેસિડેન્ટ કમલેશ નાણાવટીએ જણાવ્યું હતું કે, અમારી પાસે મેડલની ઘણી ઉજ્જ્વળ સંભાવનાઓ છે અને અમે સ્વિમિંગ ઈવેન્ટ માંથી સૌથી વધુ મેડલ ઘરે લાવવાની આશા રાખીએ છીએ.

ટોક્યો ઓલિમ્પિકના સહભાગી માના પટેલ, એશિયન ગેમ્સ અને કોમનવેલ્થ ગેમ્સના પ્રતિનિધિ અંશુલ કોઠારી, જુનિયર વર્લ્ડ ચેમ્પિયનશિપના સહભાગીઓ આર્યન નેહરા, આર્યન પંચાલ અને દેવાંશ પરમાર પાસેથી લોકોની અપેક્ષાઓ ઘણી ઊંચી છે. મને લાગે છે કે અમે નેશનલ ગેમ્સમાં વધારે મેડલ મેળવીશું."

૨ ઓક્ટોબરથી રાજકોટમાં યોજાનાર સ્વિમિંગમાં ૫૦ જેટલા મેડલ દાવ પર છે. ખેલાડીઓને સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ મળ્યો છે અને તેઓ અઠવાડિયાથી અમદાવાદના સાવી સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતેના અત્યાધુનિક સ્વિમિંગ પૂલમાં તાલીમ લઈ રહ્યા છે.

કેમ્પના સુપરવાઈઝર અને ગુજરાત ટીમના આસિસ્ટન્ટ કોચ ધ્રુવ વ્યાસે જણાવ્યું કે, પ્રેક્ટિસ સેશન દરરોજ સવારે ૫ વાગ્યે શરૂ થાય છે. "વૉર્મ-અપ, અલગ-અલગ સ્વિમિંગ સેશન્સ, ફિઝિયો, ડાયટ અને અન્ય તમામ જરૂરી બાબતોનું સરકાર દ્વારા આખો દિવસ ધ્યાન રાખવામાં આવે છે. ખેલાડીઓ તમામ આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને તાલીમ આપે તે સુનિશ્ચિત કરવા માટે પેડલ્સ, પુલ બોય અને સ્નોર્કલ્સ જેવા સાધનોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે"

રાજ્યમાં ટેકનોલોજી કંપનીઓની સંખ્યા વધારાશે

નાસકોમ સીઓઈ આયોજિત ફ્યુઝન ૪.૦ની પાંચમી એડીશનમાં ઈન્ડસ્ટ્રી ૪.૦ સોલ્યુશન્સ અપનાવવા માટે ઈનોવેશન અંગેની વ્યૂહરચનાને આગળ ધપાવવા અગે ચર્ચા : અંદાજે ૧૫૦થી વધુ ઉદ્યોગોના અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન સંસ્થાઓ સામેલ થઈ

ગાંધીનગર, તા.૨૩

ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય અને ગુજરાત સરકારે હાથ ધરેલા ડિજીટલ ઈન્ડિયા ઈનિશ્યેટીવ હેઠળ નાસકોમ સીઓઈના ઉપક્રમે ગુરૂવારે ફ્યુઝન ૪.૦ની પાંચમી એડીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જીસીસીઆઈ, આઈડીએમએ અને એફજીઆઈના સહયોગથી હાથ ધરવામાં આવેલા આ સમારંભમાં ૧૫૦થી વધુ મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગોના અગ્રણીઓ, ઉદ્યોગસાહસિકો, સ્ટાર્ટઅપ્સ અને સંશોધન સંસ્થાઓએ એકત્ર થઈને ઈન્ડસ્ટ્રી ૪.૦ સોલ્યુશન્સ અપનાવવા માટે ઈનોવેશન અને આ અંગેની વ્યૂહરચનાને આગળ ધપાવવા અંગે ચર્ચા કરી હતી.

ગાંધીનગર ખાતેના નાસકોમ સીઓઈના સિનિયર ડિરેક્ટર અને હેડ અમિત સલુજાએ જણાવ્યું હતું કે "સતત અનિશ્ચિતતાઓની વચ્ચે અને ખાસ કરીને દુનિયા વધુને વધુ ગ્લોબલાઈઝ થઈ રહી છે ત્યારે મેન્યુફેક્ચરીંગ એકમોને ખ્યાલ આવ્યો છે કે માત્ર હાઈ-એન્ડ મશીનરી અને ઉપકરણો પોતાને ડિજીટાઈઝડ અને ફ્યુચર-રેડી બનાવવા માટે પૂરતાં નથી. ઓટોમેશન તેમને ચોક્કસ સ્તરે લઈ જઈ શકે છે, પરંતુ એથી આગળ વધીને ટકી રહેવા અને ધમધમતા બનવા માટે તેમણે સાયબર-ફિઝીકલ સિસ્ટમ્સ હોવી જરૂરી છે અને તેમણે ખર્ચ ઘટાડવા અને ઉચ્ચ કાર્યક્ષમતા હાંસલ કરવા માટે સ્માર્ટ મેન્યુફેક્ચરીંગ સોલ્યુશન્સ અપનાવવા જરૂરી બની રહે છે." આ પ્રસંગે ફ્યુઝન ૪.૦ના મુખ્ય મહેમાન, ગુજરાત ઈન્ફોર્મેટીક્સ લિમિટેડના મેનેજીંગ ડિરેક્ટર ગાર્ગી જૈને "ડિજીટલ નેતૃત્વ હેઠળ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ" અંગે વક્તવ્ય આપતાં જણાવ્યું હતું કે "ગુજરાત એ વ્યાપક ઔદ્યોગિકરણ ધરાવતું મોખરાનું રાજ્ય છે અને ટેકનોલોજી સેક્ટરમાં ઝડપી અને સમાવેશી ઔદ્યોગિક વિકાસને પ્રોત્સાહન આપી રહ્યું છે. આ વિકાસમાં આપણો ટેકનોલોજી આધારિત વિકાસ, ઔદ્યોગિક વૃધ્ધિ અને સ્ટાર્ટઅપ્સ પાયાની ભૂમિકા બજાવી શકે છે. ઈનોવેટીવ માઈન્ડઝ દ્વારા તૈયાર કરવામાં આવેલા કસ્ટમાઈઝ્ડ અને ઈનોવેટીવ સોલ્યુશન્સ ઉદ્યોગમાં પરિવર્તન લાવી શકે છે. આપણું વિઝન વિશ્વસ્તરના આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સર્જન કરીને હાઈ-સ્કીલ્ડ રિસોર્સિસ ઉપલબ્ધ કરવાનું અને ઉભરતી ટેકનોલોજીમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવાનું છે. ગુજરાતની આઈટી પોલિસી રાજ્યમાં ટેકનોલોજી કંપનીઓની સંખ્યામાં વૃધ્ધિ કરશે.

આ સમારંભના ભાગરૂપે વિવિધ પેનલ ચર્ચાઓ હાથ ધરવામાં આવી હતી અને તેમાં મેન્યુફેક્ચરીંગ ઉદ્યોગના વરિષ્ઠ આગેવાનોએ કોલોબોરેટિવ વ્યવસ્થાનો કઈ રીતે લાભ લેવો અને પીઓસી કઈ રીતે ઈનોવેશનમાં વૃધ્ધિ લાવી શકે તે અંગે ચર્ચા કરી હતી. એમએસએમઈ ક્ષેત્ર ડિજીટલ ક્ષમતાઓ કેવી રીતે પ્રાપ્ત કરી શકાય અને ડિજીટલ મજલનો પ્રારંભ કરી શકાય તે વિષયે કેન્દ્રિત ચર્ચાઓ યોજાઈ હતી.